**(1) બ્લૂ ફ્લેગ સર્ટીફિકેશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે આંતરિક જળાશયો તથા આદ્રભૂમિ સંબંધિત સર્ટીફિકેશન છે.
(2) આ સર્ટીફિકેશન ફાઉન્ડેશન ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન નામની સંસ્થા દ્વારા આપવામાં આવે છે.
(3) ઉપરોક્ત સંસ્થા નેધરલેન્ડમાં આવેલી છે.
(4) તાજેતરમાં ભારતના 8 સ્થળોને આ સર્ટીફિકેશન મળેલું છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં ભારતના 8 સ્થળોને બ્લૂ ફ્લેગ સર્ટીફિકેટ મળેલું છે.

- શિવરાજપુર, ગુજરાત
- ગોલ્ડન બીચ, ઓડીશા
- કસરકોડ, કર્ણાટક
- ગોઘલા, દમણ–દીવ
- રાધાનગર બીચ, અંદમાન દ્વીપસમૂહ
- કપ્પડ, કેરળ
- રૂષીકોન્ડા, આંધ્રપ્રદેશ
- પડુબિદરી, કર્ણાટક

(આથી, વિધાન (4) સાચું છે.)

⇒ બ્લૂ ફ્લેગ સર્ટીફિકેશન એવા બીચને આપવામાં આવે છે કે જે સ્વચ્છ અને હાઈજેનીક ન્હાવાની તથા અન્ય સુવિધા પર્યટકોને પૂરી પાડતું હોય. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ સર્ટીફિકેશન ડેનમાર્ક સ્થિત આંતરરાષ્ટ્રીય સંસ્થા ફાઉન્ડેશન ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (FEE) દ્વારા આપવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે, જ્યારે વિધાન (3) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) લેસર ફ્લેમીંગો (Lesser Flamingo) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનું વૈજ્ઞાનિક નામ Phoeniconaias Minor છે.

(2) આ પ્રજાતિ મુખ્યત્વે રશિયા અને ઉત્તર ભારતમાં જોવા મળે છે.

(3) તેનું IUCN સ્ટેટસ ભયજનક (Endangered) છે.

(4) 'એગ્રીમેન્ટ ઓન કન્ઝર્વેશનન ઓફ આફ્રિકન–યુરેશિયન માઈગ્રેટરી વોટરબર્ડ્સ' હેઠળ ફ્લેમીંગોનો સમાવેશ થાય છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (4)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ વિશ્વ સ્થળાંતરીત પક્ષી દિવસ નિમિત્તે લેસર ફ્લેમીંગો ચર્ચામાં રહયાં હતા. આ દિવસ દર વર્ષે 2 વખત ઉજવવામાં આવે છે. આ દિવસ મે અને ઓક્ટોબર મહિનાના બીજા શનિવારે ઉજવવામાં આવે છે.

⇛ લેસર ફ્લેમીંગોનું વૈજ્ઞાનિક નામ **Phoneconaias Minor** છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પ્રજાતિ મુખ્યત્વે સબ–સહારા આફ્રિકા અને ઉત્તરપશ્ચિમ ભારતમાં જોવા મળે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ પક્ષીનું IUCN સ્ટેટસ ખતરાની નજીક (Near Threatened) છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ એગ્રીમેન્ટ ઓન કન્ઝર્વેશન ઓફ આફ્રિકન–યુરેશિયન માઈગ્રેટરી વોટરવર્ડ્સ એ એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય સંધિ છે. આ સંધિમાં લેસર ફ્લેમીંગો પણ સમાવિષ્ટ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) સ્વામીત્વ (SVAMITVA) યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) અહીં SVAMITVAનું પૂરું નામ Survey of Villages and Mapping with Improvised Technology in Village Areas છે.
(2) આ યોજનાનો ઉદ્દેશ ગ્રામ્ય જમીની રેકોર્ડને અપડેટ કરવાનો છે.
(3) આ યોજના પંચાયતી રાજ અને ગ્રામીણ વિકાસ મંત્રાલયની છે.
(4) યોજના હેઠળ સમાવિષ્ટ લોકોને કેન્દ્ર સરકાર દ્વારા 'પ્રોપર્ટી કાર્ડ' આપવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2) અને (4)
(C) માત્ર (2) અને (3) (D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતમાં પ્રધાનમંત્રી દ્વારા સ્વામીત્વ યોજના હેઠળ પ્રોપર્ટી કાર્ડ વિતરણ કરવાની પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

⇛ SVAMITVAનું પૂરું નામ Survey of Villages and Mapping with Improvised Technology in Village Areas છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ યોજનાના ઉદ્દેશ્યો :

- ગ્રામ્ય જમીની રેકોર્ડ અપડેડ કરવા
- ગ્રામ્ય પરિવારોને તેના રેકોર્ડનો હક આપવો
- પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ કરવા

(આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ યોજના હેઠળ યોગ્ય માપદંડો તથા માપણી બાદ રાજ્ય સરકાર દ્વારા પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ એક કેન્દ્ર સરકારની યોજના છે જે પંચાયતી રાજ અને ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળ આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(4) કોવીડ-19 માટેની ફેલુદા (Feluda) ટેસ્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) અહીં FELUDAનું પૂરું નામ Forensinc Editing of Linked UV Detection Array છે.
(2) આ એક પેપર આધારીત પરીક્ષણ પદ્ધતિ છે.
(3) તાજેતરમાં કોમર્શીયલ લોંચ માટે તેને આરોગ્ય મંત્રી દ્વારા મંજૂરી આપવામાં આવી છે.
(4) આ ટેસ્ટના વિકાસમાં કેડીલા કંપનીનો પણ ફાળો છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2) (D) માત્ર (1), (2) અને (3)

⇛ જવાબ :- C

સમજૂતી :

⇛ FELUDAનું પૂરું નામ FNCAS9 Editor Linked Uniform Detection Assay છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે એક સચોટ અને ઓછી કિંમતની પેપર આધારીત પરીક્ષણ પદ્ધતિ છે જે 30 મિનિટની અંદર કોવીડ-19નું પરીણામ જણાવી શકે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તાજેતરમાં ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) દ્વારા તેને કોમર્શીયલ લોંચ માટે મંજૂરી આપવામાં આવી છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તેનો વિકાસ CSIR (કાઉન્સીલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ) અને તાતા ગ્રૂપ દ્વારા કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તે RT-PCRના પરીક્ષણ પરીણામોના ચોકસાઈ સ્તરનું સમાન સ્તર ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (5) હરીકેન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે વિશ્વના સૌથી મોટા અને સૌથી વિનાશકારી વાવાઝોડા છે.
(2) દર વર્ષે નવેમ્બરથી માર્ચ દરમિયાન તે મેકિસકોની ખાડીમાં ઉદ્‌ભવે છે.
(3) કોઈ ઉષ્ણકટિબંધીય વાવાઝોડાની ઝડપ જો 119 kmph કે તેથી વધુ થાય તો તે હરીકેનનું સ્વરૂપ ધારણ કરે છે.
(4) એટલાન્ટીક વિસ્તારમાં Saffir-Simpson પદ્ધતિ દ્વારા તેની વિનાશકારી શકિત માપવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ડેલ્ટા હરીકેન યુ.એસ.એ.ના લુસીઆના રાજ્યમાં અથડાયો હતો.

⇛ હરીકેન વિશ્વના સૌથી મોટા અને સૌથી વિનાશકારી વાવાઝોડા છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ દર વર્ષે જૂનથી નવેમ્બર દરમિયાન તે કેરીબીઅન, મેકિસકોની ખાડી અને યુ.એસ.એ.ના પૂર્વીય વિસ્તારમાં અથડાય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ જો કોઈ ઉષ્ણકટિબંધીય વાવાઝોડાની ઝડપ 119 kmph કે તેથી વધુ હોય તો તેની હરીકેન કહેવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વાવાઝોડાના પવનની ઝડપના આધારે તેને 5 કેટેગરીમાં વિભાજિત કરવામાં આવે છે.

⇛ એટલાન્ટીક વિસ્તારમાં Saffir-Simpson વીન્ડ સ્કેલ પદ્ધતિ દ્વારા હરીકેનની વિનાશકારી શકિત માપવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like | comment | share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT